# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-10-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

**આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘના વૈશ્વિક સંમેલનનું ઉદ્ઘાટન કરશે

2) ભારતનાં રાષ્ટ્રપતિએ અલ્જિરીયા અને ભારતના દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવવા આહ્વાન કર્યું.

3) SEO શિખર સંમેલનમાં ભાગ લેવા વિદેશ મંત્રી ડૉ. જયશંકર આજથી 2 દિવસ ઇસ્લામાબાદના પ્રવાસે જશે.

4) નેશનલ કૉન્ફરન્સ પક્ષના ઑમર અબ્દુલ્લા આવતીકાલે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

5) રણજી ટ્રોફીમાં ગુજરાતે હૈદરાબાદને જ્યારે બરોડાએ મુંબઈને હરાવીને વિજયી પ્રારંભ કર્યો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ITU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘ– I.T.U.ના વિશ્વ દૂરસંચાર ધોરણ સંમેલન – W.T.S.A. 2024 અને ઇન્ડિયા મોબાઈલ કોંગ્રેસની આઠમી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે.

વિશ્વ દૂરસંચાર ધોરણ સંમેલન સંયુક્ત રાષ્ટ્ર ડિજિટલ ટેક્નોલોજી સંસ્થાના આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘના પ્રમાણિત કાર્યનું સંચાલન પરિષદ છે. તેનું આયોજન દર ચાર વર્ષે કરાય છે. I.T.U.ના ઇતિહાસમાં પહેલીવાર આવો પ્રતિષ્ઠિત વૈશ્વિક કાર્યક્રમ ભારત અને એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં થઈ રહ્યો છે.

આ મહત્વનો વૈશ્વિક કાર્યક્રમ દૂરસંચાર, ડિજિટલ અને I.C.T. ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા 190થી વધુ દેશના ત્રણ હજારથી વધુ ઉદ્યોગપતિ, નીતિ નિર્માતાઓ અને ટેક્નિકલ નિષ્ણાતોને એક સાથે એક મંચ પર લાવશે. આ કાર્યક્રમનું આયોજન સહભાગી દેશોને વૈશ્વિક દૂરસંચાર કાર્યસૂચિને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવવાની તક પૂરી પાડશે.

# PREZ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારત અને અલ્જિરીયા વચ્ચે ગાઢ આર્થિક સહયોગ માટે આહ્વાન કર્યું છે. અલ્જિરીયાની રાજધાની અલ્જીયર્સમાં અલ્જિરીયા-ભારત આર્થિક મંચને સંબોધિત કરતાં રાષ્ટ્રપતિશ્રીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે દ્વિપક્ષી ભાગીદારીને વધુ મજબૂત કરવા તેમજ સહયોગના એક નવા યુગની દિશામાં નવી ગતિ પૂરી પાડવાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો. સુશ્રી મુર્મૂ અલ્જિરીયા, મૉરિટાનિયા અને મલાવીના પ્રવાસ અંતર્ગત અલ્જીયર્સમાં છે.

આ પ્રવાસના બીજા તબક્કામાં રાષ્ટ્રપતિ આવતીકાલે મૉરિટાનિયા માટે રવાના થશે. છેલ્લા તબક્કામાં તેઓ 17થી 19 ઑક્ટોબર સુધી મલાવીના પ્રવાસે રહેશે. આ દેશોના પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ ઉચ્ચ નેતૃત્વ સાથે દ્વિપક્ષી બેઠક કરવાની સાથે મુખ્ય વેપાર અને ઉદ્યોગજગતના નેતાઓ તેમજ ભારતીય પ્રવાસીઓ સાથે સંવાદ કરશે.

# JAISHANKAR SCO

વિદેશ મંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકર શાંઘાઈ સહયોગ સંગઠન – S.E.O. શિખર સંમેલનમાં ભાગ લેવા આજે 2 દિવસના ઇસ્લામાબાદ પ્રવાસ પર જશે. વિદેશ મંત્રીએ આ પહેલા ટિપ્પણી કરી હતી કે, તેમનો પાકિસ્તાન પ્રવાસ એક બહુપક્ષી કાર્યક્રમ માટે છે અને તેમણે દ્વિપક્ષી સંવાદને નકાર્યો હતો.

ગત નવ વર્ષમાં કોઈ ભારતીય વિદેશ મંત્રી પાકિસ્તાનની પહેલી ઉચ્ચ સ્તરના પ્રવાસ પર હશે. શાંઘાઈ સહયોગ સંગઠન એક સ્થાયી આંતરસરકારી આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જેમાં ભારત, ઇરાન, કઝાકિસ્તાન, ચીન, કિર્ગીઝ પ્રજાસત્તાક, પાકિસ્તાન, રશિયા, તઝાકિસ્તાન અને ઉઝ્બેકિસ્તાન જેવા સભ્ય દેશ સામેલ છે. SEO એ સભ્ય દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસને મજબૂત કરવા, રાજનીતિ, વેપાર, અર્થવ્યવસ્થા, સંશોધન, ટેક્નિકલ અને સંસ્કૃતિમાં તેમના અસરકારક સહયોગને વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

# JK LG GOVT FORMATION

જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કૉન્ફરન્સ પક્ષના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લા આવતીકાલે મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે. જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ કેન્દ્રશાસિત પ્રદેશમાં નવી સરકારની રચના માટે નેશનલ કૉન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાને આમંત્રણ આપ્યું છે.

શ્રી સિન્હાને નેશનલ કૉન્ફરન્સ તરફથી મળેલા એક પત્રમાં કહેવામાં આવ્યું હતું કે, શ્રીઅબ્દુલ્લાને સર્વસંમતિથી ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરાયા છે. ત્યારબાદ ઉપ-રાજ્યપાલે નેશનલ કૉન્ફરન્સના ઉપાધ્યક્ષને મુખ્યમંત્રી તરીકે શપથ લેવા આમંત્રણ આપ્યું છે ઉપ-રાજ્યપાલના સંદેશ વાહકે ગઈકાલે શ્રી અબ્દુલ્લાને પત્ર સોંપીને તેમને શપથગ્રહણ સમારોહની તારીખ અને સમય અંગે માહિતી આપી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# SHAH IPS INTERACTION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ભારતીય પોલીસ સેવા – I.P.S.ના પ્રૉબેશનર્સ સાથે સંવાદ કરશે. દરમિયાન પ્રૉબેશનરી અધિકારી ગૃહમંત્રી સાથે પોતાની તાલીમ અંગેનો અનુભવ રજૂ કરશે. બેઠકમાં શ્રી શાહ અધિકારીઓને દેશની આંતરિક સલામતી સાથે સંકળાયેલા પડકારોને પહોંચી વળવા માટે માર્ગદર્શન આપશે.

ભારતીય પોલીસ સેવા 2023 બેચમાં 54 મહિલા અધિકારીઓ સહિત કુલ 188 અધિકારી તાલીમાર્થીઓએ પાયાના અભ્યાસક્રમ તાલીમ પ્રથમ તબક્કો પૂર્ણ કર્યો છે. દિલ્હીમાં વિવિધ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – C.A.P.F. અને કેન્દ્રીય પોલીસ સંગઠન – C.P.O.ની સાથે 2 સપ્તાહની તાલીમ બાદ I.P.S. તાલીમાર્થી અધિકારી પોતાના સંબંધિત કેડરમાં 29 સપ્તાહના જિલ્લા પ્રાયોગિક તાલીમમાંથી પસાર થશે.

# DHARMENDRA INDIA-US SUMMIT

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ વૈશ્વિક સ્તરે જવાબદાર નાગરિકો તૈયાર કરવાનો તેમજ વિદ્યાર્થીઓમાં ભવિષ્યનો દૃષ્ટિકોણ વિકસિત કરવાનો છે. નવી દિલ્હીમાં અમેરિકા-ભારત રાજદ્વારી સહકાર મંચ દ્વારા આયોજીત 'ભારત નેતૃત્વ સંમેલન 2024'ને સંબોધતા તેમણે આમ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાંચમા વર્ષમાં અમલીકરણની પ્રશંસા કરી.

વધુમાં તેમણે ઉમેર્યું કે સરકાર વિશ્વ વિદ્યાલયો પાસેથી સૂચનો મંગાવી રહી છે. તેમણે વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરને અનૂરૂપ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા પર ભાર મૂક્યો. શ્રી પ્રધાને જણાવ્યું કે મંત્રાલય હવે કૌશલ્યની સાથે-સાથે ટેકનૉલોજી દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપી રહ્યું છે. તેમણે ડિગ્રી અથવા પ્રમાણપત્રો પર યોગ્યતા મૂકવાના પ્રધાનમંત્રીના આગ્રહનો પુનરોચ્ચાર કર્યો.

# RANJIT TROFY 2024

રણજી ટ્રોફીમાં ગુજરાત અને બરોડાએ વિજયી પ્રારંભ કર્યો છે.

ગુજરાત હૈદરાબાદ વચ્ચેની મેચમાં ગુજરાતે હૈદરાબાદને 126 રને પરાજ્ય આપ્યો હતો.

આ મેચમાં ગુજરાતે પ્રથમ ઇનિંગમાં 343 અને હૈદરાબાદે 248 રન કર્યા હતા. બીજી ઇનિંગમાં ગુજરાત 201 રને ઓલઆઉટ થતાં હૈદરાબાદને જીત માટે 297 રનનો પડકાર મળ્યો હતો પરંતુ હૈદરાબાદ ચોથા દિવસની રમતમાં 170 રને ઓલઆઉટ થતાં તેની 126 રન હાર થઈ હતી.

બરોડા મુંબઈ વચ્ચેની મેચમાં બરોડાએ મુંબઈને 84 રને હરાવ્યું છે. આ મેચમાં બરોડાએ પ્રથમ ઇનિંગમાં 290 અને મુંબઈએ 214 રન કર્યા હતા. બીજી ઇનિંગમાં બરોડાએ 185 રન જ કરતાં મુંબઈને 262 રનનો લક્ષ્યાંક મળ્યો હતો પરંતુ મુંબઈ 177 રને જ ઓલઆઉટ થતાં બરોડાનો 84 રને વિજય થયો હતો.

સૌરાષ્ટ્ર તમિળનાડુ વચ્ચે રમાયેલી અન્ય મેચમાં સૌરાષ્ટ્રનો 70 રને પરાજ્ય થયો છે.

# WOMENS T20 PAK NZ RESULT

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ એટલે કે, I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં ન્યૂ ઝિલેન્ડે ગઈકાલે રાત્રે પાકિસ્તાનને 54 રનથી હરાવ્યું હતું. દુબઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં જીતની સાથે ન્યૂ ઝિલેન્ડ સમૂહ– એથી સેમિ-ફાઈનલમાં પહોંચનારી બીજી ટીમ બની ગઈ છે.

પહેલા બેટિંગ કરતાં ન્યૂ ઝિલેન્ડે 20 ઑવરમાં 6 વિકેટ ગુમાવી 110 રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાનની આખી ટીમ 11 ઑવર અને ચાર દડામાં 56 રન આઉટ થઈ ગઈ હતી. આ સાથે જ ભારતીય ટીમ આ સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ છે. ભારત 2 જીત અને 2 હારની સાથે ચાર પૉઇન્ટ મેળવીને સમૂહ એકમાં ત્રીજા સ્થાન પર રહ્યું છે.

જ્યારે ઑસ્ટ્રેલિયા પોતાની ચારેય મેચ જીતીને સમૂહ – એમાં ટોચ પર રહ્યું છે. ન્યૂ ઝિલેન્ડ પણ ચાર મેચમાં 6 પૉઈન્ટની સાથે બીજા સ્થાન પર છે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  હર્ષલ પંડ્યા

- આજના મોટાભાગના અખબારોએ કનેડાના રાજદૂતોને ભારત છોડવાના આદેશના સમાચારને મુખ્ય સમાચાર બનાવ્યાં છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં બરરાઇચમાં દુર્ગા વિસર્જન દરમ્યાન રમખાણોના સમાચાર પણ તમામ અખબારોના પ્રથમ પેજ ઉપર પણ જોવા મળી રહ્યાં છે..
- સંદેશે પોતાના પ્રથમ પેજની હેડલાઇન્સમાં લખ્યું છે કે કેનેડાએ ભારતના છ રાજદ્વારીઓને દેશ છોડવા કહ્યું , ભારતે પણ તેના છ ડિપ્લોમેટને તગેડ્યા
- સંદેશે બહરાઇચમાં દુર્ગા વિસર્જનમાં કોમી રમખાણોના સમાચારને બીજા મુખ્ય સમાચાર બનાવ્યાં છે
- ભારતનો આકરો જવાબઃ કેનેડાના છ ડિપ્લોમેટને હાંકી કઢાયા હોવાના શિર્ષક હેઠળ ગુજરાત સમાચારે સમાચાર છાપ્યાં છે
- જૈસે કો તૈસાઃ કેનેડાના રાજદૂતોને દેશ છોડવા ભારતનો આદેશ એવા સમાચાર નવગુજરાત સમયે પ્રથમ પેજ પર  પ્રકાશિત કર્યા છે.
- દિવ્ય ભાસ્કરે અમદાવાદ પોલીસની કાર્યવાહી અંગેના સમાચાર પ્રથમ પેજ પર પ્રસિધ્ધ કર્યા છે દેશભરમાં એક હજારથી વધુ લોકોને ડિજિટલ એરેસ્ટ કરનાર ગેંગ ઝડપાઇના સમાચારને વધુ મહત્વ આપ્યું છે.
- અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પણ કેનેડાના સમાચારને પહેલા પેજ ઉપર સ્થાન આપ્યું છે.
- જ્યારે તમામ ગુજરાતી અખબારોએ છેલ્લા પેજ ઉપર દાહોદમાંથી પકડાયેલા ડ્રગ્સ અને ગાધીનગર સ્થિત ગુજરાત લો યુનિવર્સિટીને બોંબથી ઉડાવી દેવાની ધમકીના સમાચારને પ્રાધાન્ય આપ્યું છે.
- જ્યારે તમામ અખબારોએ રણજી ટ્રોફીમાં ગુજરાત અને બરોડાની ટીમના વિજયને પણ હાઇલાઇટ કર્યો છે. તો આ હતી અખબારોની હેડલાઇન્સ